RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 221 Date: 01.06.2024,Saturday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# સાતમા અને અંતિમ તબક્કાની ૫૭ બેઠકો પર આજે મતદાન યોજાશે



નવીદિલ્હી,તા.૩૧ લોકસભાની ચૂંટણીના અંતિમ અને સાતમા તબક્કાનું આવતીકાલે તા.૧ જુને સવારે સાત વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે યોજાશે અંતિમ તબક્કામાં ૮ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશની ૫૭ બેઠક પર મતદાન થનાર છે સાતમા તબક્કામાં જે બેઠક પર મતદાન થવાનું છે તેમાં સૌથી વધારે ઉત્તર પ્રદેશ અને પંજાબની ૧૩-૧૩ બેઠકનો સમાવેશ થાય છે લોકસભાની ચૂંટણીના અત્યાર સુધી ૬ તબક્કા સમાપ્ત થઈ ગયા છે.

અંતિમ તબક્કામાં પંજાબની ૧૩ બેઠક પર ૩૨૮ ઉમેદવારો લડી રહ્યા છે.,ઉત્તર પ્રદેશની ૧૩ બેઠક પર ૧૪૪ ઉમેદવારો મેદાનમાં છે,પશ્ચિમ બંગાળની ૯ બેઠક માટે ૧૨૪ ઉમેદવારો વચ્ચે ટક્કર છે,બિહારની ૮ બેઠક પર ૧૩૪ ઉમેદવારો લડી રહ્યા છે,ઓડિશાની ૬ બેઠક પર ૬૬ ઉમેદવારો મેદાનમાં છે,હિમાચલ પ્રદેશની ૪ બેઠક માટે ૩૭ ઉમેદવારો વચ્ચે ટક્કર છે,ઝારખંડની ૩ બેઠક માટે ૫૨ ઉમેદવારો લડી રહ્યા છે,ચંડીગઢની કુલ ૧ બેઠક પર ૧૯ ઉમેદવારો લડી રહ્યા છે.કુલ ૫૭ બેઠક પર ૯૦૪ જેટલાં ઉમેદવારો ભાવિ મતદારો ઈવીએમ મશીનમાં સીલ કરશે

સાતમા તબક્કામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોતે ચૂંટણી મેદાનમાં છે.તેમની સાથે મોદી સરકારના ૫ મંત્રીઓનું પણ ભાવી નક્કી થશે ઉત્તર પ્રદેશની વારાણસી બેઠક પરથી પ્રધાનમંત્રી મોદી લડી રહ્યા છે,મોદી સરકારના ઉર્જા મંત્રી આરકે સિંહ બિહારની આરા બેઠક પરથી મેદાનમાં છે,નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરી મહારાજગંજ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે,કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલ મિર્જાપુર બેઠક પરથી મેદાનમાં છે,કેન્દ્રીય રમત મંત્રી અનુરાગ ઠાકુર હિમાચલની હમીરપુર બેઠક પરથી લડી રહ્યા છે,બોલીવુડ અભિનેત્રી અને ભાજપ નેતા કંગના રનૌત મંડી બેઠક પરથી મેદાનમાં છે,અભિનેતા અને ભાજપના નેતા રવિ કિશન ગોરખપુરથી ચૂંટણી લડી રહ્યા છે,ટીએમસીના અભિષેક બેનર્જી ડાયમંડ હાર્બરથી ચૂંટણી મેદાનમાં છે,કોંગ્રેસના મનીષ તિવારી ચંડીગઢ બેઠક પરથી લડી રહ્યા છે,શિરોમણી અકાલી દળના હરસિમરત કૌર બાદલ બઠીંડાથી મેદાનમાં છે,પટના સાહિબ બેઠક પરથી પૂર્વ કાયદા મંત્રી રવિશંકર પ્રસાદ લડી રહ્યા છે,પાટલીપુત્ર બેઠક પરથી આરજેડીના મિસા ભારતી ચૂંટણી લડી રહ્યા છે,જ્યારે હિમાચલ પ્રદેશની કાંગડા બેઠક પરથી કોંગ્રેસના આનંદ શર્મા મેદાનમાં છે જેમના ભાવ મતદારો નક્કી કરશે૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપનો દબદબો હતો.ભાજપે ૫૭માંથી ૨૫ બેઠક જીતી હતી. જોકે એનડીએના આંકડાને જોડીએ તો તે ૩૨ સીટ સુધી પહોંચી ગયો હતો. જ્યારે યૂપીએના પક્ષમાં માત્ર ૯ બેઠક આવી હતી. જ્યારે અન્યના ખાતામાં માત્ર ૧૪ બેઠક આવી હતી. ત્યારે એ જોવાનું રહેશે કે આ વખતે એનડીએ વર્સિસ ઈન્ડિયા ગઠબંધનમાં કયો પક્ષ બાજી મારે છે.


## આગની દુર્ઘટનાની જવાબદારી ઓફિસરોની રહેશે: સંસ્થાનોએ ફાયર ઓફિસરોની ભરતી કરવી પડશે



રાજકોટના ટીઆરપી ગેમિંગ ઝોનમાં લાગેલી આગની દુર્ઘટના બાદ રાજ્ય સરકાર પોતાનો ગુજરાત પ્રિવેન્શન ઓફ ફાયર એક્ટ સુધારવા જઈ રહી છે. આ સાથે સરકાર વિચારણા કરી રહી છે કે જે સ્થળોએ વધુ લોકો ભેગાં થતાં હોય ત્યાં તે સ્થળના માલિકો અને સંચાલકોએ ફાયર ઓફિસરની કાયમી ભરતી કરીને નિમણૂક કરવાની રહેશે. આ અધિકારી તેમના સંકુલમાં આગની દુર્ઘટના ન બને તે માટે જવાબદાર રહેશે. આ અંગે સરકારના સૂત્રો જણાવે છે કે હાલ પૂરતો આ વિચાર છે અને તેને લગતાં પાસાં ચકાસીને તેને નિયમ તરીકે દાખલ કરવો કે તેમ તેની સમીક્ષા એકાદ બે દિવસમાં કરવામાં આવશે. આ કિસ્સામાં મોલ-મલ્ટિપ્લેક્સ, સિનેમાગૃહો અને ગેમિંગ ઝોન તેમજ મોટી રેસ્ટોરન્ટ કે હોટલો ઉપરાંત ધાર્મિક સ્થળો, કમ્યુનિટી હોલ સહિતના એકમોને આવરી લેવામાં આવશે. જે રીતે બોઈલર ધરાવતાં કારખાના કે મોટી ફેક્ટરીઓમાં આવાં ફાયર ઓફિસરો નિયુક્ત કરાય છે તે રીતે જ અન્ય સંસ્થાઓમાં પણ તેમની ભરતી કરવાની રહેશે. અલબત્ત ધાર્મિક સ્થળો અને સામાજિક સંસ્થાઓ આવાં અધિકારીની કાયમી ભરતી કરવાને બદલે જે દિવસે અને સમયે વધુ લોકો હાજર રહેતા હોય તેવા વખતે તેમને હંગામી ધોરણે નિયુક્ત કરી શકશે. આ વ્યવસ્થાને લીધે સરકારી તંત્ર પર ભારણ ઓછું થશે.આ ફાયર ઓફિસર કે કર્મચારી યોગ્ય સંસ્થામાંથી નિયત તાલીમ લીધેલા હોવા જોઈશે. તેઓએ સંબંધિત સંસ્થામાં ફાયરના સાધનોની ખરીદી, ઈન્સ્ટોલેશન અને નિયમિત રખરખાવ માટે જવાબદાર રહેશે. આ સિવાય તે સંસ્થાના સ્ટાફને આગ નિયંત્રણની તાલીમ પણ આપશે. જો આગની ઘટના બને અને કોઈ જાનહાનિ થશે તો સંસ્થાના સંચાલકો અને આ અધિકારી કસૂરવાર ઠરશે. આગામી બે દિવસમાં સરકાર વિધેયકમાં સુધારા બાબતે એક બેઠક યોજવા જઈ રહી છે.

નવી પ્રણાલી પ્રમાણે ખાનગી વ્યક્તિને ફાયર ઓફિસર તરીકે નિયુક્ત કર્યા હોવાથી સરકારી તંત્ર કે ફાયર બ્રિગેડનો હસ્તક્ષેપ બિલકુલ દૂર થઈ જશે તેવું નથી. જે વ્યક્તિની નિયુક્તિ કરવામાં આવે તેની વિગતો સરકારી તંત્રને મોકલવાની રહેશે. જે રીતે કારખાનામાં શ્રમ આયુક્ત તરફથી ફેક્ટરી ઈન્સ્પેક્ટર ચકાસણી માટે જાય છે તે રીતે જ અહીં પણ સરકારની વિવિધ એજન્સી સમયાંતરે અહીં નિયમપાલનની ચકાસણી માટે જશે.

## દિલ્હી બાદ હવે મહારાષ્ટ્રના નાગપુરમાં તૂટ્યો ધગધગતી ગરમીનો રેકોર્ડ, પારો ૫૬ ડિગ્રીને પાર



હાલ દેશના ઘણા રાજયોમાં સૂર્યનારાયણ કોપાયમાન થયા હોય તેવી સ્થિતિ જોવા મળી છે. ઘણા રાજયોમાં લોકો બળબળતી ગરમીના કારણે તોબા પોકારી ઉઠ્યા છે. ચોમાસું શરૂ થવાને પણ હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. તેમ છતા રાજસ્થાન, દિલ્હી અને મહારાષ્ટ્રમાં તાપમાન ૫૦ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. થોડા દિવસ પહેલા રાજસ્થાનના ચુરુમાં ગરમીએ ૨૫ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો હતો, તો દિલ્હીના મુંગેશપુરમાં ધગધગતી ગરમીનો ચમકારો જોવા મલ્યો હતો, ત્યારે મહારાષ્ટ્રના નાગપુરની ગરમીએ મુંગેશપુરનો પણ રેકોર્ડ તોડી નાખ્યો છે. અહીં ૩૦મીએ મહત્તમ તાપમાન ૫૬ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું છે.રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના મુંગેશપુરીમાં મંગળવારે (૨૮ મે) ૫૨.૯ તાપમાન નોંધાયું હતું, જયારે રાજસ્થાનના ચુરુમાં તે જ દિવસે ૫૦.૫ અને ગંગાનગરમાં ૪૯.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ત્યારે ૫૬ ડિગ્રી નોંધાયા બાદ નાગપુર આગની ભઠ્ઠીમાં તબદીલ થઈ ગયું છે. બળબળતી ગરમીના કારણે ઘણા લોકો હેરાન-પરેશાન થઈ ગયા છે. આ ઉપરાંત લૂ અને હિટસ્ટ્રોકની પણ ઘટનાઓ ચાલુ છે. લોકો ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. આખરે આટલી બધી ગરમી કેમ પડી રહી છે.


બીજીતરફ ભારતીય હવામાન વિભાગ (ૈંસ્ઢ) પણ અસહ્ય ગરમીથી ચિંતિત થઈ છે. દિલ્હીમાં તાપમાન ૫૨.૯ ડિગ્રી પર પહોંચી જતા આઈએમડીએ તપાસના આદેશ આપ્યા હતા. હવે નાગપુરમાં પણ તપાસ ચાલી રહી છે કે, હવે નાગપુરમાં પણ તપાસ કરવામાં આવી રહી છે કે શું કોઈ ભૂલ થઈ છે. નાગપુરમાં હવામાન વિભાગના મથકોમાંથી બેમાં અસામાન્ય રીતે ૫૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન રેકોર્ડ કરાયું છે, જે દિલ્હીના રેકોર્ડ કરતા વધુ છે.

## શિક્ષણ વિભાગે આદેશો જારી કર્યા:ખાનગી, સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ફાયર સેફ્ટીની આકસ્મિક તપાસ કરાશે

ખાનગી, સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફાયર સેફ્ટીના સાધનોની નોડલ ઓફિસર દ્વારા ચકાસણી કરવાની રહેશે. ફાયર સેફ્ટીના સાધનો એક્સપાયર થઇ ગયા છે કે કેમ તેની પણ ચકાસણી કરવાની રહેશે. શાળાઓ માટે ફાયર સેફ્ટી માટે બનાવેલા નિયમોનું પાલન થાય છે કે નહી તેની તપાસ કરવાના જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને રાજયના શિક્ષણ વિભાગે આદેશો જારી કર્યા છે. રાજયના શિક્ષણ વિભાગે રાજ્યભરની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની સલામતીના ભાગરૂપે શાળામાં ફાયર સેફ્ટીની સુવિધા છે કે નહી તેની ચકાસણી કરવાની રહેશે. વધુમાં શાળાઓ માટે ફાયર સેફ્ટી માટે જે નિયત કરેલા નિયમોને પણ ધ્યાનમાં રાખીને કામગીરી કરવાની જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને આદેશ કર્યો છે. શાળાઓમાં ફાયર સેફ્ટીના મામલે તપાસમાં સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પાસે ફાયર એનઓસી મેળવેલી છે કે નહી. ઉપરાંત તેની મુદત પૂર્ણ થઇ ગઇ હોય તો રિન્યુ કરવામાં આવ્યું છે કે નહી તેની ચકાસણી કરવાની રહેશે.વધુમાં જે શૈક્ષણિક સંસ્થા ૯ મીટર કે ૯ મીટરથી વધુ ઉંચાઇ ધરાવતી હોય તેમજ ૨૦૦ ચો.મી.નું બેઝમેન્ટ હોય તેવા કિસ્સામાં ફાયર અધિકારી પાસેથી ફાયર સેફ્ટી સર્ટીફિકેટ નિયમોનુસાર મેળવેલું છે કે નહી તેની ચકાસણી કરવાની રહેશે. જોકે શાળાઓમાં ફાયર સેફ્ટીના મામલે ઉણપ જોવા મળે તો તાત્કાલિક લેખિતમાં સૂચના આપીને એક નકલ કચેરીમાં જમા કરાવવાની રહેશે. ઉપરાંત સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ સ્કુલ સેફ્ટી પોલીસી-૨૦૧૬ની અમલવારી માટે નોડલ ઓફિસરની નિમણુંક કરવામાં આવી છે. આથી સ્કુલ સેફ્ટી પોલીસી-૨૦૧૬ની જોગવાઇનું યોગ્ય અમલીકરણ, યોગ્ય ચકાસણી તેમજ કોઇ સંસ્થા દ્વારા તેનો ભંગ થાય નહી તેની સંપુર્ણ જવાબદારી ડીઇઓ અને ડીપીઇઓની રહેશે તેવો શિક્ષણ વિભાગે આદેશ કર્યો છે.

જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા પોતાના તાબાની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફાયર સેફ્ટીની ચકાસણી કરીને તેનો રિપોર્ટ તારીખ ૧૧મી, જૂન-૨૦૨૪ સુધીમાં ડીપીઇઓએ પ્રાથમિક શિક્ષણ નિયામક અને ડીઇઓએ શાળાઓની કમિશનર કચેરીમાં મોકલી આપવાનો રહેશે.

## હિમાચલના જંગલમાં વિકરાળ આગ, શિમલામાં ટ્રેનો રદ, અનેક પ્રાણીના મોત, રહેણાંક વિસ્તારો પણ મુશ્કેલીમાં



હિમાચલ પ્રદેશના જંગલોમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. આગના કારણે અનેક પ્રાણીઓના મોત થયા છે. બીજીતરફ આગની જવાળાઓ છેક રહેણાંક વિસ્તાર સુધી પહોંચી હોવાની અહેવાલો સામે આવ્યા છે. ત્રણ દિવસથી લાગેલી આગે ભારે વિનાશ વેર્યો છે. રાજયના શિમલા, મંડી, બિલાસપુર અને સોલન જિલ્લામાં ચીરના જંગલો ભડભડ સળગતા જોવા મળી રહ્યા છે. બીજી તરફ હાલ એવી સ્થિતિ સર્જાઈ છે કે, અનેક ટ્રોનો પણ રદ કરવાની નોબત આવી છે. ચોતરફ લાગેલી આગને બુઝાવવામાં માટે અનેક ફાયર બ્રિગેડની ટીમો કામે લાગી છે.મળતા અહેવાલો મુજબ સોલમ અને શિમલાના જંગલોમાં લાગેલી આગ રહેણાંક વિસ્તારો સુધી પહોંચી ગઈ છે અને અહીં કાયકા-શિમલા રેલલાઈન રૂટ પરથી પસાર થતી તમામ ટ્રેનો રદ કરવામાં આવી છે. ગઈકાલે સમહિલ અને તારાદેવી પાસે પણ ટ્રેનો અટકાવી દેવામાં આવી છે. કેટલીક ટ્રેનો તારા દેવી રેલવે સ્ટેશન પર થોભી દેવાઈ છે. આગ છેક કાલકા શિમલા રેલવે લાઈન સુધી પહોંચી જતા ભારે મુશ્કેલીઓ ઉભી થઈ છે. હિમાચલમાં લાગેલી આગના વીડિયો સોશિયલ મીડિયા પર પણ સામે આવ્યા છે.ઉલ્લેખનીય છે કે, હાલ એકતરફ દેશમાં ઉનાળાની અસહ્ય ગરમી પડી રહી છે, લોકો બળબળતી ગરમીથી બચવા માટે હિલસ્ટેશનો તરફ પ્રયાસ કરી છે, ત્યારે શિમલામાં પ્રવાસી સિઝન ચાલતી હોવાથી અનેક મુસાફરો અહીં આવી રહ્યા છે. આગના કારણે ટ્રેનો અટકાવી દેવાતા કેટલાક મુસાફરો પણ મુશ્કેલીમાં મુકાયા છે. હાલ ફાયર બ્રિગેડના અધિકારીઓ અને વન વિભાગની ટીમ સાથે મળી આગ બુઝાવવાના તમામ પ્રયાસો કરી રહી છે.

## દમણમાં ચાલું કાર પર ઉભા રહી યુવાનનો સ્ટંટ કરતો વિડીયો વાયરલ

દમણના નમો પથ પર ચાલું કાર પર ઉભા રહી યુવાનનો સ્ટંટ કરતો વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થયો હતો. વિડીયો વાયરલ થયા બાદ પોલીસ હરકતમાં આવી તપાસ આદરી છે. ભરચક માર્ગ પર જોખમી સ્ટંટ કરનાર સામે કડક કાર્યવાહી કરાઇ તે પણ જરૂરી બન્યું છે.છેલ્લા લાંબા સમય વાહન પર જોખમી રીતે સ્ટંટ કરી પ્રસિધ્ધિ મેળવવા રીલ બનાવી સોશિયલ મિડીયામાં વાયરલ કરાયા અનેક કિસ્સા પ્રકાશમાં આવી રહ્યા છે ત્યારે જોખમી સ્ટંટનો વધુ એક વિડીયો સોશિયલ મિડીયામા વાયરલ થયો છે. જેમાં દમણના નમો પર યુવાન ચાલું કાર પર ઉભા રહી જોખમી સ્ટંટ કરતો વિડીયો વાયરલ થયો હતો.

**ભય અને શ્રદ્ધા એકસાથે ક્યારેય ન ટકે.. જેને ભગવાનનો ડર છે ત્યાં શ્રદ્ધા તુરંત વિદાય લે છે.. અને જેને ભગવાન પર સંપૂર્ણ શ્રદ્ધા છે તેને ભય શેનો એ ક્યારેક કહેજો વ્હાલાં..??**

**તંત્રી લેખ......**

## રશિયાના અલ્તાઈમાં રાષ્ટ્રપતિ પુતિનનું ઘર બળીને રાખ

રશિયાના રાષ્ટ્રપતિ પુતિનનું અલ્તાઈ સ્થિત ઘર બળીને રાખ થઈ જવાના સમાચાર સામે આવી રહ્યા છે. રશિયન મીડિયા અનુસાર, અલ્તાઈમાં પુતિનના આવાસમાં આગ લાગવાના સમાચાર છે. રશિયન ટેલિગ્રામ ચેનલે અહેવાલ આપ્યો છે કે અલ્તાઈ રિપબ્લિકના ઓન્ગુડેસ્કી જિલ્લામાં ક્રેમલિનના શાસક વ્લાદિમીર પુતિનનું નિવાસસ્થાન ધરાવતું એક બિલ્ડિંગ લગભગ સંપૂર્ણ રીતે બળીને ખાખ થઈ ગયું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર પુતિન અહીં ઔષધીય સ્નાન માટે આવતા હતા. પુતિનના ઘર પર યુક્રેનની સેના દ્વારા હુમલો કરવામાં આવ્યો છે કે આગનું બીજું કોઈ રહસ્યમય કારણ છે. આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી ઉપલબ્ધ નથી.

પુતિનના નિવાસસ્થાનની સળગતી તસવીરો રશિયન મીડિયા દ્વારા સામે આવી છે. ફોટોગ્રાફ્સનું વિશ્લેષણ કર્યા પછી, પત્રકારોને જાણવા મળ્યું કે અલ્તાઈ રેસિડેન્સના વિસ્તારમાં એક ઈમારત બળી ગઈ હતી. સત્તાવાર રીતે, આ અલ્તાઈ યાર્ડ સેનેટોરિયમ અને રિસોર્ટ સંકુલ છે, જે ગેઝપ્રોમની માલિકીનું છે, જ્યાં રશિયન રાષ્ટ્રપતિઓ ઔષધીય સ્નાન માટે આવે છે, પરંતુ તે સામાન્ય રશિયનો માટે બંધ છે.

પુતિનનું આ ઘર ૩૩ મિલિયન યુએસ ડોલરથી વધુના ખર્ચે બનાવવામાં આવ્યું હતું. અલ્તાઈ રિપબ્લિકના ઓન્ગુડેસ્કી જિલ્લામાં વર્ગીકૃત બાંધકામ પ્રોજેક્ટ વિશેની માહિતી ૨૦૧૦ માં સપાટી પર આવી હતી. આ પછી આના પર થયેલા ખર્ચની વિગતો બહાર આવી. સ્થાનિક વિપક્ષી લોકોએ વારંવાર દાવો કર્યો છે કે આ ઘર પુતિન સાથે સંબંધિત છે. કોઈપણ સામાન્ય રશિયનને અહીં આવવાની મનાઈ છે. રશિયન મીડિયાએ એવો પણ દાવો કર્યો છે

**અહલ્યાબાઈ હોલકરઃ માલવાની ફિલોસોફર રાણી**

# અહલ્યાબાઈ હોલકરની જન્મ જયંતિ નિમિતે શુભેચ્છા પાઠવતા સૌરાષ્ટ્ર પ્રાંત સંપર્ક પ્રમુખઃ કાંતાબેન કથીરિયા



અહલ્યાબાઈ હોલ્કર, ૩૧ મે, ૧૭૨૫ ના રોજ, મહારાષ્ટ્ર, ભારતના ચોંડી ગામમાં જન્મેલા, ભારતીય ઈતિહાસમાં સૌથી અનુકરણીય શાસકોમાંના એક શાસક તરીકે ગણવામાં આવે છે. તેણીએ ૧૭૬૭ થી ૧૭૯૫ સુધી ચપળતા, ન્યાય અને પરોપકારી સાથે માલવા સામ્રાજ્ય પર શાસન કર્યું, તેણીને 'ફિલોસોફર ક્વીન' નું બિરુદ પણ મળ્યું હતું.

પ્રારંભિક જીવન :

અહલ્યાબાઈનો જન્મ એક સામાન્ય પરિવારમાં થયો હતો. તેમના પિતા મંકોજી શિંદે ગામના વડા હતા, અને તેમની માતા સુશીલા શિંદેએ અહલ્યાબાઈ શિક્ષણ અપાવ્યું, જે તે યુગમાં છોકરીઓ માટે દુર્લભ હતું. આઠ વર્ષની ઉંમરે, તેણીના લગ્ન હોલ્કર વંશના સ્થાપક મલ્હાર રાવ હોલ્કરના પુત્ર ખંડેરાવ હોલ્કર સાથે થયા હતા.

અહલ્યાબાઈના જીવનમાં ૧૭૫૪માં ગંભીર વળાંક આવ્યો જ્યારે તેમના પતિ કુંભેરના યુદ્ધમાં માર્યા ગયા. તેણીના સસરા, મલ્હાર રાવ હોલકરે, તેણીની બુદ્ધિ અને ક્ષમતાઓને ઓળખીને તેણીને વહીવટી અને લશ્કરી બાબતોમાં તાલીમ આપી. ૧૭૬૬ માં મલ્હાર રાવના મૃત્યુ પછી, અને તેમના એકમાત્ર પુત્રના દુઃખદ અવસાન પછી, અહલ્યાબાઈએ ૧૭૬૭ માં માલવાની ગાદી સંભાળી.

અહલ્યાબાઈ હોલ્કરનું શાસન :

અહલ્યાબાઈનું શાસન તેમના વહીવટી સુધારાઓ, કલા અને સંસ્કૃતિના રક્ષા અર્થે સમર્પિત હતું. તેણી તેના પ્રયત્નો માટે પ્રખ્યાત છે.

૧. વહીવટી સુધારા

અહલ્યાબાઈ હોલ્કર એક ચતુર અને બાહોશ વહીવટકર્તા હતા. તેણીએ સુવ્યવસ્થિત અને કાર્યક્ષમ શાસન પ્રણાલીની સ્થાપના કરી. તેણીની વહીવટી કુશળતાએ પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરી હતી.

૨. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ

અહલ્યાબાઈના શાસનકાળમાં, માલવામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નોંધપાત્ર વિકાસ જોવા મળ્યો. તેણીએ અસંખ્ય કિલ્લાઓ, રસ્તાઓ, કૂવાઓ અને ઘાટો બનાવ્યા. પ્રદેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં તેમનું યોગદાન વેપાર અને સંદેશાવ્યવહારને વધારવામાં મુખ્ય હતું.

૩. ધાર્મિક અને સાંસ્કૃતિક સમર્થન

ધર્મપ્રેમી હિંદુ, અહલ્યાબાઈ ધર્મ અને સંસ્કૃતિના આશ્રયદાતા હતા. તેણીએ વારાણસીમાં પ્રસિદ્ધ કાશી વિશ્વનાથ મંદિર અને ગુજરાતમાં સોમનાથ મંદિર સહિત સમગ્ર ભારતમાં અસંખ્ય મંદિરો, ધર્મશાળાઓ અને ઘાટોનું નિર્માણ કર્યું હતું. તેણીનું કાર્ય તમામ ધર્મો સુધી વિસ્તર્યું, તેણીના રાજ્યમાં સાંપ્રદાયિક સંવાદિતાની ભાવનાને પ્રોત્સાહન મળ્યું હતું.

વારસો

અહલ્યાબાઈ હોલ્કરની વિરાસત પ્રબુદ્ધ અને દયાળુ નેતૃત્વમાંની એક છે. અહલ્યાબાઈને તેણીની વહીવટી કળા, લશ્કરી કૌશલ્ય અને તેના લોકો પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા માટે યાદ કરવામાં આવે છે. તેના શાસનને માલવાના ઈતિહાસમાં સુવર્ણ યુગ માનવામાં આવે છે.

તેમના યોગદાનની કદર રૂપે, તેમના સન્માનમાં ઘણી સંસ્થાઓ અને જાહેર સ્થળોના નામ આપવામાં આવ્યા છે. તેમનું જીવન અને સિદ્ધિઓ અસરકારક શાસન, સમર્પણ અને સહાનુભૂતિના ગુણોને મૂર્તિમંત કરીને પેઢીઓને પ્રેરણા આપતું રહે છે.

અહલ્યાબાઈ હોલ્કર સ્ત્રી સશક્તિકરણ અને સક્ષમ નેતૃત્વનું પ્રતિક છે. તેણીનું જીવન અને શાસન પ્રદર્શિત કરે છે કે બાહોશ અને ન્યાયી શાસક તેમના રાજ્ય અને લોકો પર ઊંડી અસર કરી શકે છે. અહલ્યાબાઈની વાર્તા ભારતીય ઈતિહાસનો માત્ર એક અધ્યાય નથી, પરંતુ ન્યાય, દાન અને સુશાસનના મૂલ્યોનો પુરાવો છે.

# રાજુ રદી ડાળે વળગશે નહી તો ભવિષ્યમાં મળનાર મેડલો ગંગામાં વહાવી દેશે !!!

" ગિરધરભાઈ . ઈનફ ઈઝ ઈનફ.આઈ વિલ નોટ ટોલરેટ મોર., આઈ વિલ સ્ટ્રોંગલી ઓપોઝ ઓન ઈન્ટરનેશનલ ફોરમ!!" આજે રાજુ રદીની સ્કલ આઈ મિન ખોપરી છટકેલ હતી. સિંઘમ ફિલ્મમાં અજય દેવગન કપાળ પર બેત્રણ આંગળીઓ પટકી "માઝી સટકલી "એમ કહેતો હતો ,તેમ રાજુ રદીની હટેલી ખોપડી છટેલી હતી.હું મારું નાક રાજુના મો સુધી લઈ ગયો. મે ઊંડો શ્વાસ લીધો. એ દરમિયાન રાજુએ ઉપરાછાપરી છીંકો ખાધી. રાજુના મોંમાંથી નિષ્પન્ન થયેલ પવિત્ર પ્રવાહીથી હું પવિત્રાણામ પવિત્ર થઈ ગયો.!!!તેના મોં પાસે નાક લઈ જઈ રાજુ રદી ઈંગ્લિશ બિંગ્લિશ છાંટોપાણી કરીને એ મારે ચેક કરવું હતું!!રાજુના કપાળે હાથ મુકયો. તાવ જેવું જણાતું ન હતું. છતાં સંનેપાત એટલે લવારો શા માટે ??? અમ મને સવાલ થયો.

" રાજુ. તારા પંડમાં પરફેકનિષ્ટ આમિરખાનનો આત્મા પ્રવેશ્યો છે કે શું? તને અમૃત ચોઘડિયું રોગ કે ઉદ્વેગ દેખાય છે. ઉદ્વેગ મનની શાંતિ હણે છે. રાજુ તું કપાલભારતી અને પ્રાણાયામ કર." મેં રાજુ રદીને મહર્ષિ મહેશ યોગી જેવી એડવાંઈઝ આપી.

" ગિરધરભાઈ હું કોઈનું અપમાન સહન કરી શકતો નથી. બોલો ,બેનબા કેવા ઊંચાનીચા થયા ગયા હશે? મોસાળમાં મિજબાની અને ભાણીબાને આમંત્રણ નહીં?? મામાનું ઘર કેટલે ? દીવો બળે એટલે !બેન બાએ દસ વાર પટાવાળા અને પાંચ વાર એડીસીને બોલાવી નવી સંસદના ઉદઘાટનનું આમંત્રણ મળ્યું કે નહીં પૂછયું .દસ વાર ઈમેઈલ ચેક કરાવ્યો હશે .નજર રાષ્ટ્રપતિ ભવનના દરવાજા તરફ લગાવીને તમારા અહીં આજ પગલાં થવાના એવી ગઝલ ગણગણી હશે. દાંત ભીંસી હાથ પાછળ બાંધી મોગલ ગાર્ડન સોરી અમૃત ગાર્ડન ( ગાર્ડન શબ્દ કોલોનિયલ ન કહેવાય? તેના બદલે ઉધાન, ઉપવન ન વાપરી શકાય. ભાઈ બગીચો શબ્દ ગાલીચાની જેમ વિધર્મી છે. એટલે તેનો પ્રયોગ ટાળવો હિતાવહ છે!!) બિચારા અરમાન અને અરમાનની આગમાં તરફડ્યા હશે. મહામહીમથી પણ મહામહામહામહીમ સન્મુખ કયું પાતક જાણસેઅજાણ્યે આચરાઈ ગયું હશે તે અંગે બ્રેઈન સ્ટોર્મિંગ એટલે પાણી વલોવ્યું હશે!! પશ્ચાત્તાપના સમુદ્રમાં ડૂબકી લગાવી હશે. પણ ધાર્યું તો પૃથ્વી વલ્લભનું જ થયું ને??" રાજુએ અપમાન આગ વરસાવી .

" રાજુ શાણા માણસો દૂધ ઢોળાઈ જાય તેનો અફસોસ કરતા નથી. અપિતું, ઢોળાયેલ દૂધ તપેલીમાં ભેગું કરી તેની ડાયાબીટીક ચા બનાવી દુશ્મનને પીવડાવી દે છે!!" મેં રાજુને સલાહ આપી.

ગિરધરભાઈ. સોબત કરતા શ્વાનની બે બાજુનું દુખ.રીઝયું ચાટે મેં અને ખીજયું કાઢે પીંડી. જેવું કંઈક ફ્રેઝ છે. તેનો મિનિંગ શું??" રાજુએ પઝલ પૂછી.

" ઓલિમ્પિકમાં મેડલ જીતેલા પહેલવાનને ઘરે બોલાવી ફોટો લેસન કરી ભવિષ્યની પેઢી માટે ઈન્સ્પિરેશનને છે તેવી વાતો કરી જંતરમંતર પર ન્યાય માટે બેસેલા પહેલવાનોને મારીને ભગાડવા!" મે જવાબ આપ્યો.

"ગિરધરભાઈ . પહેલવાનોનો ગુનો શો ?વાંક શો? ટાંચા સાધનો-સગવડને અતિક્રમીને દેશદાઝ અને તિરંગો ઉન્નત રહે તે માટે મેડલ જીતવો . શું આ વાંક હોય તો બધાને ફાંસીએ ચડાવી દો. મેડલ વિજેતાના માનમાં કસીદા પઢવાના બદલે પંદર રૂપિયામાં મેડલ મળે તેવી જઘન્ય કોમેન્ટ કરનારને પદ પરથી ફારેગ પણ કરવામાં ન આવે ? ગાડી નીચે કૂતરાનું બચ્ચું આવે તો સંવેદના પ્રગટ કરનાર પહેલવાનોની રજૂઆત તરફ ધૃતરાષ્ટ્રત્વ દેખાડે!! પહેલવાન સંઘના પ્રમુખ સામે મી ટુ જેવા આક્ષેપો થાય. મોટી અદાલત કહે પછી ફરિયાદ નોંધાય ? આ નવું ભારત છે? તો જૂનું ભારત શું ખોટું હતું?? જેની સામે ફરિયાદ હોય તેની તરફ સહાનુભૂતિ રાખનાર લોકો અંધેરી નગરીને ગંડું રાજા જેવી તપાસ તરી આરોપી પિતાતુલ્ય છે એમ કહે છે. પિતા તથાકથિત હેવાન બન્યો છે કે નહીં તેની તે તપાસ કરોને ? પણ એવું નહીં કરવાનું. કેમ કે,૨૦૨૪ ના અશ્વમેધ યજ્ઞમાં પહેલવાન સંઘનો હાકેમ પાંચ પંદર સીટ મેળવવામાં ઉપયોગી થવાનો ?? ખુદા મહેરબાન તો બ્રિજભૂષણ પહેલવાન?!પહેલવાન બેટા-બેટી સીટ જીતવાનાં કયાં મદદરૂપ થવાના?? આવા હેવાન માટે બેટી બચાવો બેટી પઢાવવાની ???" રાજુ રદીએ રૌદ્ર રૂપ ધારણ કર્યું!!

" રાજુ. દેશ માટે લોહી પાણી એક કરી ઓલિમ્પિક કે બીજી કોમ્પિટિશનમાં તાકાતવર પહેલવાનને ધૂળ ચાટતા કરી મેડલ લેવાના પ્લેટફોર્મમાં પહેલા નંબરે ઉભા રહી દાંત વચ્ચે મેડલ દબાવી રાષ્ટ્ર ધ્વજ લપેટી ઉભા રહેલા વિજેતાને કેવો રોમાંચ થતો હશે? આનંદનું કેવું ઝરણું વહેતું હશે?; પસ્તાવાનું ઝરણું વહે તો પ્રેમ, આનંદનું ઝરણું કેમ ન વહે? ) દેશનો સપૂતો ન્યાય ન મળતાં ના છૂટકે નાઈલાજે અંતિમ વિકલ્પે મળેલા અમૂલ્ય અને કોહિનૂર કરતા કિંમતી મેડલ મા ગંગામાં વહાવી દેવાનો નિર્ણય કરે તે તંત્ર અને તંત્રવાહકોની કેની નિર્મમ નિષ્ઠુરતા, સંનેદનહીનતા અને લાપરવાહી કહેવાય?? " મેં અરણ્ય રૂદન કર્યું !!

" ગિરધરભાઈ દેશમાં એક મેડલ પરત ક્રાંતિના નૂતન મંડાણ થઈ રહ્યા છે. મણિપુરમાં એક જાતિને અનામત આપના વડી અદાલતે આપેલા હુકમને લીધે સિવિલ વોર જેવી સ્થિતિ થઈ છે. મણિપુરમાં ખેલાડીઓએ શાંતિ ન સ્થપાય તો મેડલ પરત કરવાની ધમકી આપી છે!!" રાજુએ સમાચાર રજૂ કર્યા .

" રાજ. જેમ આગ ઝડપથી ફેલાય તેમ મેડલ પરત કરવાનો સિલસિલો દવની જેમ ફેલાશે તો કોથમીરના વધેલા ભાને ઘટે નહીં, સમયસર ફલાઈટો ઉડે નહીં, મેટ્રો ટ્રેન અમારા વિસ્તારમાંથી પસાર ન થાય, અમને પરીક્ષામાં ચોરી કરવાનો મૂળભૂત અધિકાર ન મળે, કાળ્મીરી પુલાવમાં કાશ્મીર ન મળે, શેખચલ્લી કે મુંગેરીલાલ કે હસીન સપને સાચા ન પડે કે આકાશમાં કેસર કેરી ન પાકે, મધરાતે મેઘધનુષ ન દેખાય તો મેડલ પરત કરવાની ધમકી મળવા માંડશે અગર સ્થાનિક નદીમાં મેડલ વહેડાવવાની સોલિડ ધમકી મળશે. યે આગ કભી ભી બુઝેગી નહીં !!" મે સૂચિત ભયસ્થાનો તરફ રાજુને અંગુલિ નિર્દેશ કર્યો !!

"ગિરંધરભાઈ. ઓલિમ્પિકના મેડલમાં ઘાલમેલ કે ધુપ્પલ ચાલે છે.ઓલિમ્પિકમાં મેડલ ૫૦૦ ગ્રામના છે, પરંતુ સૌથી વધુ વજનવાળા મેડલ્સ ટોક્યો ઓલિમ્પિકમાં છે. આ વખતે ગોલ્ડ મેડલ લગભગ ૫૫૬ ગ્રામ છે, જ્યારે સિલ્વર મેડલ ૫૫૦ ગ્રામ છે અને તે સંપૂર્ણ ચાંદીથી બનેલો છે. તે જ સમયે, બ્રોન્ઝ મેડલ ૪૫૦ ગ્રામનું છે, જે ૯૫ ટકા કોપર અને ૫ ટકા જસતનું મિશ્રણ કરીને બનાવવામાં આવે છે.ઓલિમ્પિકમાં કોઈ પણ એક રમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે ગોલ્ડ મેડલ આપવામાં આવે છે.. ગોલ્ડ મેડલ હકીકતમાં ગોલ્ડ પ્લેટેડ હોય છે, જ્યારે તે સિલ્વરથી બનેલ હોય છે. તેમાં ૧% સોનાથી થોડુંક વધુ સમાયેલું છે, પાંચસો ગ્રામના ગોલ્ડ મેડલમાં માત્ર ૬ ગ્રામ સોનું હોય છે! એટલે કે ગોલ્ડ મેડલની કિંમત એક ગ્રામ સોનાના લગભગ પાંચ હજાર નવસો ત્રેપન રૂપિયા લેખે પાંત્રીસ હજાર સાતસો અઢાર રૂપિયા થાય! આમ, મેડલની કિંમત પંદર રૂપિયા નથી!!" રાજુએ વિગતો આપી.

" રાજુ તારી લગાઈ નક્કી નહીં થાય તો તું શું કરીશ?" અમે રાજુની દુખતી નસ પર પગ મુકયો.( આંગળી કયાં સુધી મુકવાની કે કરવાની? હવે એકશનનો ટાઈમ થઈ ગયો છે!!!!

" ગિરધરભાઈ મને છઠા ધોરણમાં એક મેડલ મળેલ. કલાસમાં દોડની હરીફાઈ હતી. મેં ભાગ લીધેલો . મને ચોત્રીસમાં રનર્સ અપનો મેડલ મળેલો. જો કે , પાંત્રીસ હરીફ વચ્ચે મારો નંબર છેલ્લો જ કહેવાય . મારામાં પેન્ટેશિયાલીટી ફટાકડાની જેમ ઠાંસી ઠાંસીને ભરેલ છે. ભવિષ્યમાં ગ્રેમી, ઓસ્કાર , બુકર પુલિત્ઝર , રોમને મેગ્સ્સે, શાંતિનો નોબેલ, જ્ઞાનપીઠ , રણજિતરામ વગેરે એવોર્ડ મળનાર છે. મારું કશે ગોઠવાશે નહીં કે હું કોઈ ડાળે( ડાળ બાવળની હશે તો પણ દોડશે !!) નહીં વળગું તો મા કસમ( સાસુ કસમ ખાવા માટે પણ સાસુ હોવી જોઈએ કે નહીં??) મને મળનારી આભાર - નિહારીકા રવિયા સૂચિત, પ્રસ્તાવિત કે ભવિષ્યના મેડલો મા ગંગામાં વહેડાવી દઈશ!!" આટલું બોલીને રાજુ રદી માધવૃષ્ટિની ( ભઈ માવઠાને સંસ્કૃતમાં માધવૃષ્ટિ એટલે કે કમોસમી વરસાદ કહે છે'!!!)જેમ સાંબેલાધાર રડયો છે!!

ભરત વૈષ્ણવ

૩૧.૫.૨૦૨૩

આ લેખ હાસ્ય નિષ્પન્ન કરવાના ઈરાદે લખેલ છે. બંધબેસતી પાઘડી કૃપા કરીને ન પહેરવા અનુરોધ છે!')

# લાશની કિંમત ઉચક ૪ લાખ રૂપિયા, આ આગ ક્યારે બુઝાશે?

અને દિલમાં ચિનગારી કયારે પ્રગટાવશુ? ગેરકાયદેસર ડોમ, ગેમ ઝોન, ઝૂલતાં પૂલ, તરતી હોડીઓ, સ્કુલ ક્લાસિસ.માફીયાઓ દલાલો અને પડદા પાછળનાં ભાગીદાર નેતાઓ - અધિકારીઓ ને લાખોની કમાણી. ભુલી ગયાં છો આપની ફરજ એ યાદ કરો. કમ યાદદાસ્ત ગુજ્જુ ગજની ગુજરાતીઓ યાદ આવે તો કરો.માથે ટપલી મારો. એ જે તે વખતે સુરત,ટ્યુશન ક્લાસીસ બંધ કરાયેલા અને ચાલુ પણ થઈ ગયાં .-આજે રાજકોટ,ગેમ ઝોન બંધ કરાયા, એ પણ ચાલુ થઈ જશે. એ તે જે વખતે "ચીસો" સંભળાયેલી-આ વખતે ચીસો ભડ ભડ સળગી ગયેલી. ના કોઈ ફોન કે મોબાઈલ મા વાત કરી શકયા. અવાજ સાંભળવા તરસે વિલાપ કરે છે " ★માવતર★ " સુરતમાં એ વખતે મમ્મી-પપ્પા સળગી ગયેલા શરીરોને ઓળખી શકેલા-આ વખતે રાજકોટમાં મમ્મી-પપ્પાએ ડી.એન.એ ટેસ્ટિંગ માટે સેમ્પલો આપવા પડ્યા. એ વખતે ટ્યુશન ક્લાસનાં સંચાલકો પાસે ફાયરનું ર્દ્રઝ ન્હોતું, આજે ગેમ ઝોનનાં સંચાલકો પાસે ફાયરનું ર્દ્રઝ નથી ! ★બોલો જય શ્રી રામ.★ એ વખતે પણ નેતુડીયા દ્વારા કહેવાયેલું, "અમે ગુનેગારોને નહીં છોડીએ !"- આ વખતે પણ કહેવાયું છે, "અમે ગુનેગારોને નહીં છોડીએ !" તક્ષશીલા એ વખતે સળગી ગયેલા, ત્રીજા માળેથી ટપોટપ કૂદતા છોકરાઓને જોઈ આપણને સ્મશાન વૈરાગ્ય આવેલો કે કમકમાટી ઝણઝણાટી થઈ હતી એ યાદ છે. - આ વખતે ગેમ ઝોનમાં સળગીને પોટલું થઈ ગયેલા શરીરોને જોઈ આપણને સ્મશાન વૈરાગ્ય આવ્યો છે ! આવ્યો હશે એવું માની લઈએ.

૧૦૦% સાચી વાત,

કશું બદલાયું નથી-કશું બદલાવાનું નથી ! નિયમો પળાવનારા પણ નહીં બદલાય અને નિયમો નહીં પાળનારા પણ નહીં બદલાય ! બદલાશે માત્ર લાશો, આંસુ સારતી આંખો અને નનામી ચકનારા ખભાઓ !

તંત્રને જે કરવું હોય એ કરે-આંખ આડા કાન કરી, ચૂપ રહી, ઓબ્જેક્ટ માય લોર્ડ-એવું બોલવાનું ટાળી એ લોકો ભલે આપણાં જીવનો સોદો કરી નાંખે-પણ એક ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપણે પણ આપીએ !

★રેસ્ટોરન્ટ, હોટલ, ક્લબ, ગેમ ઝોન, મોલ, ટ્યુશન ક્લાસ, જીમ, હોસ્પિટલ- જ્યાં જઈએ ત્યાં પૂછવાનું શરૂ કરીએ, "ફાયરનું ર્દ્રઝ-નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ છે★?"

★જો નહીં હોય તો ત્યાં જવાનું બંધ કરી દઈએ, જે જતા હોય એમને પણ રોકીએ★! મોલવાળા, જીમવાળા, રેસ્ટોરન્ટવાળા, ટ્યુશનવાળા, હોસ્પિટલવાળા-એ બધાની અંદર જો એમનું "ઈમાન" જીવતું હોય તો એ લોકો પણ બધા જોઈ શકે એ રીતે ફાયરનાં નો ઓબ્જેક્શન સર્ટિફિકેટને દિવાલ પર લગાડવાનું શરૂ કરે !

★આપણો જન્મ આગમાં સળગી જવા, ભીડમાં કચડાઈ જવા, પાણીમાં ડૂબી જવા તો નથી જ થયો★ ! એ લોકોને અન્ડર ટેબલ વ્યવહારો કરવા હોય તો કરવા દો- ★આપણે માણસ ટુ માણસ ખોટું નહીં ચલાવી લેવાનો એક અંડર કરંટ પાસ કરીએ★ !

સુરતની આગ બુઝાઈ ગઈ-મોરબીનું અને વડોદરાનું પાણી

સુકાઈ ગયું એમ રાજકોટની આગ પણ ઠરી જશે- ચિતાઓ ઠરી જાય એવી રીતે ! આપણે ભૂલી જવાની, ચલાવી લેવાની, ચૂપ રહેવાની, ટેવ છોડવી પડશે. આપણને શું ફર્ક પડે-એવું વિચારી લેવાની આપણી આદત બદલીએ ! આપણી અંદર ઠરી જતા ભડકાને સતત સળગતો રાખીએ - એક દિવાસળી ગજવે રાખીએ !! દિલમાં દિવો પ્રગટાવીએ. એમની પાસે ! કોણ છે આ? ભલે એમનું "જમીર" નથી-પણ ચૂપ રહેવા બદલ આપણું "જમીર" આપણને "જામીન" નહીં આપે, એટલું યાદ રાખજો !!આજે અન્યના .... અકાળ....

કદાચ કાલે આપણા પણ આપની નજર સામે... ગુજરાતીઓ ખુબ દયાળુ દાનવીર. ગુજરાતીઓના પૈસે કોર્પોરેશન, ફાયર, પંચાયત, પોલીસ, પોલિટિશ્યન્સ કરે છે ટનાટન તાયફા. ખિસ્સા ભરાય હત્યારાઓના ★""જય હો ધર્મનો★ "" કોઈ ખર્ચ નથી લાશો મફત સળગે છે, દાતાઓ દાનથી સ્મશાનમાં ૨૪ કલાક, બારે માસ મફતમાં. જો આવાં કાંડ બાદ લાશ મળે તો. બાકી રાખ , ધુમાડો અને કોલસો ★એક દ્રવી, કંપી, ઉકળી ઉઠેલ, આંસુ સુકાયેલ, આપનો સહરદયી.★ દિપક પટેલ .સુરત

# વિજાપુર આરોગ્ય વિભાગ દ્વારા તમાકુ નિષેધ દિવસ ઉજવાયો



વિજાપુર તા.

રાજ્યમાં તમાકુ સેવન કરનાર લોકોની સંખ્યામાં ઘટાડો થાય તેવા હેતુ સાથે વિજાપુર આરોગ્ય વિભાગ જીલ્લા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા જુદીજુદી જગ્યાએ અને વિસ્તારમાં તમાકુ નિષેધ અંતર્ગત કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. જેમાં તાલુકા પંચાયત હોલ તેમજ રેલ્વે ફાટક પાસે આવેલ છાપરા ના શ્રમજીવી ઓને તમાકુ તંદુરસ્તી માટે કેટલી હાનિકારક છે. તે અંગેનો તાલુકા હેલ્થ સુપરવાઈઝર મુકેશભાઈ ચૌહાણ દ્વારા માહીતી પૂરી પાડવામાં આવી હતી તમાકુ ખાવાથી શરીર માં થતા રોગો જેવાકે મોઢાનું કેન્સર તેમજ ફેફસામાં ટીબી હૃદયરોગ મગજનો લકવો જેવી બીમારી થાય છે .તેમજ તમાકુ અધિનિયમ ૨૦૦૩ અંતર્ગત લોકો ને માહિતગાર કર્યા હતા.૧૭ થી ૧૮ વર્ષના બાળકો ને તમાકુ નહીં ખાવા અને તેનાથી દૂર રહેવા શપથ લેવડાવવા માં આવ્યા હતા. માનસિક રીતે ટેવાયેલા શ્રમજીવી પરિવાર ના લોકોને બીડી તમાકુ ગુટકા ના સેવન થી તેઓ દૂર રહે તે માટે તેઓને ડેમો માર્ગદર્શન આપ્યું હતુ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO. 170**
વિષય: ગેમઝોનની સફળતા કે નિષ્ક્રિયતા.
પ્રકાર: અછાંદસ ગદ્ય
શીર્ષક: આર્તનાદ
શબ્દો : ૧૩૦
લેખક :-- વિનયકુમાર મહેતા.
બારડોલી.

હે પ્રભુ !
તારું એક નામ નિયંતા પણ છે
જે જન્મે તે જાયે
પણ, કાળ તરીકે તને સ્વીકારવું
ખૂબ જ કઠિન છે.
મહાકાલ તરીકે તને પૂજી શકીએ
પણ -
સ્વીકારીએ એવા મહાન નથી !
ગેમ ઝોન તો એક બહાનું છે. નહિ ?
વેદના તો તને પણ હશે જ.
કર્મોનો ન્યાય પણ અજીબ હોય છે
બાકી ગેમઝોન તો એક બહાનું છે
તારામાં સમાય જવાનું !
પણ, -
અમે એ કબુલ્યે તો માનવ નહિ !
અમારી બધી જ વાતોમાં ફિલોસોફી હોય
પરંતુ -
જ્યારે પોતાના પર આવે ત્યારે ?
બધું જ જ્ઞાન બાષ્પ !
નિયતિની અમને ક્યાં ખબર છે ?
અમને તો નિયંતામાં વિશ્વાસ છે
તારામાં વિશ્વાસ છે
પણ, મારી એક વિનંતી સાંભળશો પ્રભુ ?!!
આવું વરવું મોત ક્યારેય કોઈને ના આપશો,
મૃત્યુ પામનાર અને શોક પામનાર
બન્ને માટે વેઠવું મુશ્કેલ બને.
તું તો અંતર્યામી છે. છે ને ?!!
તો, મારો આર્તનાદ સાંભળીશ ને ?
હાં...?

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 106**
વિષય- ગેમઝોન
શીર્ષક- કાગારોળ શબ્દ-૨૩૦
હીરોસીમા નાગા સાકીથી લઈને ગેમ ઝોન સુધી.
આપણે નીરિક્ષણ કરીશું,તો એક વસ્તુ ચોક્કસપણે દેખા દે છે,ભૌતિકતા! ભોગવિલાસ પાછળની એવી દોડ! જે આપણને કુદરતથી દૂર કરે છે!

ગામની ગલી ગલિયારોમાં જુવો, કે મોટાં શહેરોનીઝૂંપડ પટ્ટીમાં જુવો! કે પછી લોકોથી કીડીયારું ખદબદતું હોય તેવી જગ્યાઓ જુવો! આવા અકસ્માતો તો અવારનવાર થતા જ રહે છે!
પછી શું?
ભૂલ કોની?
માત્ર રાજકારણીઓની?
સરકારી અધિકારીઓની?
આ લોકો છે કોણ?
આ લોકોને આવા કોણે બનાવ્યા?
આ રાડા રાડી, ચીસાચીસી તો ક્ષણ ભંગૂર છે!સ્મશાન વૈરાગ્ય છે!
થોડાક દિવસ ધમાલ કરીને આપણે બધું જ ભૂલી જવાના!!
કોના ઘરે દિવાળી?
આપણે શું?
જે ગયું, જેનું ગયું જેવું ગયું તેવું ગયું!જેમ ગયું,તેમ ગયું!!
આપણે શું!!
આપણે શું! વાળી મનોવૃત્તિ આપણાસૌમાં ઘર કરી ગઈ છે.
નાનપણમાં, રાતના વાળુ કરી, વાસણ ધોઈ,જે ભીનોકચરો એક બાલ્ટીમાં જમા થતો,તે ગટ્ટરમાં ફેંકી ન દેતાં!પણ એક કુંડીમાં નાંખવા જતાં, ત્યારે,શેરીની છૂટી ગાયોને ખાસ એ ધોણ આપતાં પણ ત્યારે શેરીનાં કૂતરાંઓ ભસતાં ભસતાં દોડી આવતાં, અને ખાતી ગાયોને હેરાન કરતા. એને લાકડીથી મારીને ભગાડતાં! ગાય ખાઈ લેતી પછી વધેલું ખાવાનું કૂતરાઓને પણ મળતું,જે ખાવાનું એ કૂતરાઓ ઝઘડતાં ઝઘડતાં ખતમ કરતા! અને પછી શેરીમાં શાંતિ છવાઈ જતી.
આવું જ કાંઈક આ અકસ્માતો દરમિયાન થતું હોય છે.
આ સ્મશાન વૈરાગ્ય છે, થોડાક દિવસ કાગારોળ થશે, પછી જ્યાં હતા ત્યાંના ત્યાં! એજ અકુદરતી રમતો, અકુદરતી જીવનશૈલી અને એનાએ આપણે!
નમ:શિવાય????
નામ:- મુક્તિદાકુમાર-રુપલી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog.ss no. - 198**
વિષય- ગેમજોનની સફળતા કે નિષ્ક્રિયતા
શિર્ષક - જવાબદારી સમજીએ
રચના - પદ્ય

નાના-મોટા માણવા ગયા હતા આનંદ ને મજા
ગેમજોન બની ગયું અણધારી મોતની સજા

એક-બે મિનિટની ગેમ માટે અનેકો ખર્ચનાર
ચકાસ્યું ના સલામતી કે સુરક્ષાનો શું છે આધાર

ક્યાં સુધી સહેવી પીડા સળગી જવાની
આંખ સામે મોતના તાંડવ થતા જોવાની

ભડથું બનેલ ભૂલકાઓના ડી.એન.એ થાય
બે-ત્રણ દિવસે પોટલું વાડી સ્વજનોને સોંપાય

આહાહા ઈશ્વર આવું કેમ સહી શકાય
આપજો શાંતિ એમને પ્રભુ એવી પ્રાર્થના

બીજાઓ પર દોષારોપણ કરતા પહેલાં
હરેક જણ પોતાની જવાબદારી સમજીએ

સ્વાર્થ સમયે આંખ આડા કાન ન કરીએ
તો, શું ચાલી શકે અધિકારીઓનું એકલા ??

ખ્યાતિ દવે.ભુજ - કચ્છ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 140**
વિષય: ગેમઝોનની સફળતા કે નિષ્ક્રિયતા
શીર્ષક: જાગો લોકો જાગો
પ્રકાર: પદ્ય અછાંદસ

શબ્દો ૧૧૭

વેકેશનની મસ્તીમાં ખુશખુશાલ બચ્ચાં
સસ્તી ટીકીટો ને રાજકોટ છે ઢૂંકડુ
કુંભકર્ણ વહીવટી તંત્ર અને લોભિયા માલિકો.
બાળકો હરખઘેલાં ને બેદરકાર સ્ટાફ.

બિલાડીના ટોપની જેમ ગામેગામ ગેમઝોનના ધામા.સેફ્ટી ફેક્ટર્સની ઐસીકીતૈસી ને અમલદારોની મહેરબાની.

મોબાઈલની રીંગનો પેટ્રોલપંપે પ્રતિબંધ તો ગેમ ઝોનમાં વેલ્ડીન્ગનું દુ:સાહસ?

સૂરજના તાપે ત્રાહિમામ પોકારીએ તો આગમાં જલ્યાનો? ખ્યાલ પણ દુ:સહ્ય.

વ્યામશાળાઓ અને અખાડા બંધ થયા.
દેશી રમતો લુપ્ત થઈ
કોણ જવાબદાર?
મોબાઈલની રમતોમાં બચ્ચાં બુઢ્ઢા સૌ ગુમ થયાં

અંગારકી ઝોનમાં ભસ્મીભૂત ફૂલડાંને આપો સાચી શ્રધ્ધાંજલિ .

શારીરિક અને માનસિક વિકાસ માટે વૉલીબૉલ, ફુટબોલ ને
દેશી રમતોને પ્રોત્સાહન આપો.

જાગો લોકો જાગો ! આવા તો છે કેટલાય અગનઝોન. સાવધાન રહો, સુરક્ષિત રહો.

સલામતી અને સુરક્ષા ચકાસો નહીં તો ડુબશો,ભૂંજાશો ને દટાશો.
પુનરાવર્તન થતું રહેશે. ભીનું સંકેલાતુ રહેશે.
લેખક: હેમા પિનાકીન ત્રિવેદી. કૃષ્ણ પ્રિયા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSN 0089**

વિષય. ગેમઝોન

શીર્ષક. સાવધાન

---

રાજકોટ હોય કે બાગલ કોટ
-
ગેમઝોનનું પરિણામ ડેડઝોન
—
નાના બાળકોને ભરખી ગયું
—
ગેમના નામે ડંખ મારી ગયું
—
૨૫ મે ૨૦૨૪ ગોઝારો દિન
—
ભયંકર અગ્નિમાં ભૂંજાઈ ગયા
—
માન્યું દેશનો વસતિ વધારો
—
બાળકોની આહૂતિ કરુણાજનક
—
લાંચ રિશ્વત બેફામ આધુનિકતા
—
પૈસા કમાવાની આંધળી દોટ
—-
સરકારી ચેતવણીની અવગણના
—
ખુલલેઆમ અરાજકતાના તોફાન
—
ગેમ રમવાનો નશો હાનિકારક
-
બાળકોની જીંદગી ખોખલી રમત
-
જાગો વિચારો સમય સરી જાય છે
-
બાળકોની જીંદગી જુઓ હોમાય છે
-
વડીલો સુકાન સંભાળો મોડું ન થાય
-
પ્રવિણા કડકિઆ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO : 055**
વિષય-ગેમઝોનની સફળતાં કે નિષ્ક્રિયતાં
શિર્ષક- જવાબદાર કોણ ?
પ્રકાર- ગદ્ય
સૂરજ શરમાય જાય, સત્ય શરમાય જાય અને સમય પણ જ્યાં શરમ ધરે એવી ઘટના રાજકોટમાં બની. કોઈ પણ કાળા માથાળો અને પાષણ હૃદયનો માનવી પણ ધ્રુજી જાય એવી ઘટના.....

આત્મમંથન કરતાં એક જ વિચાર થાય કે આવું હવે ન જ ઘટવું જોઈએ અને તેના માટે કોઈ પણ પ્રકારનો દોષારોપણ કર્યા વગર જો આપણે એટલે જે સામાન્ય જનતા, જો સ્વયં શિસ્તને અનુસરી આ પ્રકારના સુરક્ષા વગરના પ્રકલ્પોનો બહિષ્કાર કરે તો જ બચી શકાય....
નહિતર લખવા વાળા લખ્યા કરશે, બોલવાવાળા બોલ્યા કરશે, લીલા નાળિયેર હોમાયા કરશે.
શ્રદ્ધા ભટ્ટ..વાપી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 335**
વિષય:-ગેમ ઝોન ની સફળતા કે
નિષ્ક્રિયતા
શિર્ષક :- "ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ"
પ્રકાર :- પદ્ય શબ્દો :- "૯૪

ગેમ ઝોન ની આગમાં આજે,ઘણા કુમળા ફૂલો કરમાઈ ગયા,
હસતા-રમતા બાળકોના આજે, સપના બધા ખોરવાઈ ગયા.

કયા હશે એ ચોઘડિયા ,જેમા બળીને ભડથા સૌ થઈ ગયા,
લાલ - કાળી અગ્નિની લપેટમાં, એતો કાયમ માટે સૂઈ ગયા.

પાડી હશે કેવી એણે ચિચિયારી,બચવા કરી હશે દોડાદોડી,
ગયા હશે કેમ જીવડા એના,આજ વાતો કરતા સૌ થઈ ગયા.

સજીદજીને ઘરેથી નીકળેલા,શરીર પણ એના જોવા ના મળ્યા,
મોઢા એના ઓળખવા આજ , ઢઢ્ઢછ ટેસ્ટ કરાવવા લઈ ગયા.

"ધરતી" કરે પોકાર આજે, એની આંખેથી આંસુડા વહી ગયા,
આજે કાળા માથાના આ માનવી સામે,ઈશ્વર પણ હારી ગયા.

??? બીના આહિર " ધરતી "
( રાજપરા ખોડીયાર-ભાવનગર )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 174**
વિષય:-ગેમ ઝોન ની સફળતા કે નિષ્ક્રિયતા
શિર્ષક :- કાશ
પ્રકાર :- પદ્ય ( અછાંદસ ) શબ્દો :- ૫૦
કાશ,
વૃક્ષોથી આચ્છાદિત કોઈ બાગ
સરોવર કિનારે લીલા ઘાસમાં
કે
નદી કિનારે રેતી અને રંગીન પથ્થરો...
કે પછી
કોઈ ખેતર,પાદર કે,
વગડાના ઘટાદાર વૃક્ષ
આભાર - નિહારીકા રવિયા નીચે
સંતાકૂકડી, આમલીપીપળી,
થપ્પો કે લંગડી,
ધમાલધોકો કે " આવરે કાગડા કઢી પીવા"
રમતા હોત
એ બાળકો..
તો..
ગેમઝોન વાળી ધટના ના બનેત...
કાશ...
??? શાંતિલાલ કાશિયાણી " શાંતિ " ( ધ્રોલ )

# ૧જૂન, " વિશ્વ દૂધ દિવસ "



દર વર્ષે ૧ જૂનનાં રોજ "વિશ્વ દૂધ દિવસ" ઉજવવામાં આવે છે. સ્વાસ્થ્ય માટે દૂધ કેટલું મહત્વ રાખે છે અને ડાયટ માટે કેટલું જરૂરી છે એ વાતને સમજાવવા અને આ બાબતે લોકોને જાગૃત કરવાના ઉદ્દેશથી આ દિવસ ઉજવવામાં આવે છે. પ્રાચીન કાળથી ગાયનો મહિમા અપરંપાર છે કહેવાતું હતું કે આપણા દેશમાં દુધની ગંગાઓ વહેતી હતી. ગાયનું દુધ અનમોલ તો હોય જ છે પણ તેમાં પણ ગીર ગાયનું દૂધ સર્વશ્રેષ્ઠ છે, પણ આધુનીકીકરણને કારણે સાત્વિકતા ઘટતી જાય છે ને ગાયોની ઉપેક્ષા વધતી જાય છે. વેદપુરાણોમાં ગાયને કામધેનું કહેવાય છે કેમ કે તે મરે ત્યાં સુધી દૂધ આપતી રહે છે. ગાયનાં દૂધનાં અનેક ફાયદાઓ છે જેનો આધાર પણ વૈજ્ઞાનિક છે

૧. સ્નાયુની મજબૂતાઈ : આપણે ભારતમાં પરંપરા છે કે આપણે શિશુઓ અને બાળકોને કાચું દૂધ આપીએ છીએ. જીવનનાં પ્રારંભિક તબક્કે તંદુરસ્ત સ્નાયુ બનાવવાની ક્રિયા થવી ખૂબ જરૂરી છે. સ્નાયુની મજબૂતાઈ માટે દૂધ શ્રેષ્ઠ ખોરાક છે. દૂધ ૨૦% વ્હેય (ુરીઅ) અને ૮૦% કેસિન (ષ્ઠટ્ઠજીીહ) પ્રોટીન છે, બંને સ્નાયુઓનાં નિર્માણ માટે જવાબદાર છે.

૨. સ્લીપ બૂસ્ટર : દૂધમાં ટ્રિપ્ટોફેન છે જે એમિનો એસિડ છે. ટ્રિપ્ટોફેન સુસ્તીનું કારણ બને છે તેનો અર્થ એ છે કે તમે ઊંઘ અનુભવશો! તેથી સુતા સમય પહેલાં ગરમ દૂધ ગ્લાસ ઊંઘની મજબૂત કિક આપે છે.

૩. હાડકા મજબુત બનાવે છે : મજબૂત હાડપિંજર જીવન જીવવા માટે જરૂરી છે. શરીરને તંદુરસ્ત શરીર ત્યારે કહેવામાં આવે છે જો તમારું હાડપિંજર રોજબરોજ કાર્ય કરે. હાડપિંજરને કેલ્શિયમને પસંદ છે! અને દૂધ કેલ્શિયમનો અત્યંત સમૃદ્ધ સ્ત્રોત છે, તમારા દાંતને કેલ્શિયમની જરૂર છે. દૂધનાં કપમાં ૨૭૬ – ૩૦૦ મિલિગ્રામ (એમજી) કેલ્શિયમ છે. દૈનિક ધોરણે પુરુષો / સ્ત્રીઓમાં ૧૦૦૦ એમજી કેલ્શિયમ હોવું જોઈએ.

૪. મગજ શક્તિ વધે છે : સંશોધન બતાવે છે કે દૂધ મગજનાં જ્ઞાનાત્મક કાર્યને સુધારે છે. દૂધ વિટામિન બી ૧ ૨ નો સ્રોત છે, તેમાં બી ૧ ૨ સારા એવા પ્રમાણમાં હોય છે આમ દૂધ શાકાહારી લોકો માટે વરદાન છે. મગજની શકિત અને જ્ઞાનાત્મક કાર્ય માટે વિટામિન બી ૧ ૨ આવશ્યક છે, તે અલ્ઝાઈમર રોગને અટકાવવામાં મદદ કરે છે. તમારા મગજ માટે, કૃપા કરીને દૈનિક ઓછામાં ઓછું ૧ કપ દૂધ પીવો!

૫. હાર્ટ એટેકથી બચાવે છે : ગાય ઓમેગા -૩ ફેટી એસિડનું ઊંચું મૂલ્ય ધરાવે છે. ઓમેગા ૩ એચડીએલ (ઁઁઢન) કોલેસ્ટેરોલ વધારે છે જે 'સારા કોલેસ્ટેરોલ તરીકે ઓળખાય છે. ઓમેગા ૩ હાનિકારક રક્ત ગંઠાઈ જવાથી અટકાવે છે. ઓમેગા -૩ હાઈ બ્લડ પ્રેશરવાળા લોકોનાં બ્લડ પ્રેશર સ્તર ઘટાડે છે. ટૂંકમાં, દૂધમાં આવા તત્વો છે જે હ્દય માટે ખૂબ જ સારા છે.
૬. એસીડીટી મટાડે છે : ગાયના દૂધમાં ઓમેગા ૩, એન્ટીઑકિસડન્ટ સંયોજનો અને પ્રોટીન જેવા પદાર્થો છે જે એસીડીટી મટાડે છે.
૭. શરીરની ચરબી ઘટાડે છે (વજન) : દૂધમાં લિનોલીક એસિડ (સીએલએ) છે જે શરીરમાં ચરબી બાળે છે. ડેરી કેલ્શિયમ પણ શરીરમાં વજન ઘટાડે છે. દૂધમાં વિટામીન ડી હોય છે, જે ચરબીને બાળવામાં મદદ કરે છે.

૮. કેન્સર નું જોખમ ઘટાડે છે: દૂધમાં એન્ટિ-કેન્સર એજન્ટો હોય છે જે કેન્સર કોશિકાઓનાં વિકાસને અટકાવે છે. કેટલાક સંશોધન સૂચવે છે કે દૂધનો નિયમિત વપરાશ કેન્સર અટકાવે છે. ઑટોગો યુનિવર્સિટીનું સંશોધન અને તેના પરિણામ કહે છે કે દૂધના દૈનિક વપરાશથી આંતરડાનાં કેન્સરનું જોખમ ૩૦% જેટલું ઓછું થઈ ગયું છે. ઘણા અભ્યાસોએ જણાવ્યું છે કે ઓછી ચરબીવાળા દૂધથી અંડાશયનાં કેન્સરનું જોખમ ઓછું થયું છે. દૂધમાં રહેલું સીએલએ-કન્જેજ્યુટેડ લિનોલિક એસિડ એન્ટી કેન્સર એજન્ટ માટે જાણીતું છે.
૯. ત્વચાનો મિત્ર : પ્રાચીન સમયથી સ્ત્રીઓ ચમકતી ચામડી માટે દૂધનો ઉપયોગ કરે છે, આજનાં સમયમાં પણ લોકો હળદરની પેસ્ટ અને દૂધ ને ચહેરા પર ચમકતી ચામડી માટે લગાવે છે. પ્રાચીન સમયમાં રાણીઓ અને અન્ય ઉજવણી કરનારા મહિલાઓ દૂધથી સ્નાન કરતી! દૂધ તેમની સુંદરતા માટે જવાબદાર હતું. દૂધમાં આવેલ લેક્ટિક એસિડ મૃત ત્વચા દૂર કરે છે.
૧૦. મેમરી, શક્તિ અને બુદ્ધિ : આયુર્વેદ અનુસાર ગાયનાં દૂધમાં ઓજ (શકિત) વધારવા નું શ્રેષ્ઠ દ્રવ્ય છે. સારા આરોગ્ય અને યાદશક્તિ માટે ગાયનું દૂધ શ્રેષ્ઠ છે. ગાયનું દૂધ મગજનાં એવા પ્રદેશો વિકસાવવા માટે મદદ કરે છે જે મેમરી અને બુદ્ધિ માટે જવાબદાર છે.

-મિત્તલ ખેતાણી

# આજીવન આયંબિલધારી ૧૦૮૦૦ થી વધુ આયંબિલ તપસ્યા કરનારા પ. પૂ. હેમવલ્લભસુરી મ. સ. ના દર્શને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



## આવતાભવે પારણુ એવા ગુરુદેવ પુ. હેમવલ્લભસુરી મ.સા નાં દર્શને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

શ્રી હિતેશભાઈ ટોળીયા ની યાદી જણાવે છે કે ગરવી ગુજરાતના માણસા તાલુકા જીલ્લો ગાંધીનગર ના માણેકપુર ગામે ગિરનાર તીર્થધામ મીની ગિરનાર મધ્યે માણેકપુર ગામના કુલદીપક સહસાવન ગિરનાર તીર્થોધારક પ.પૂ. આચાર્ય હિમાંશુસુરી મહારાજ સાહેબના અત્યંત કૃપાપાત્ર તથા યુગપ્રધાન આચાર્ય સંઘ પ. પૂ. પન્યાસ ચંદ્રશેખર વિજય મહારાજ સાહેબના શિષ્ય પ. પૂ. આચાર્ય ધર્મરક્ષિતસુરી મહારાજ સાહેબના શિષ્ય આજીવન આયંબિલ તપની ભીષ્મપ્રતિજ્ઞાધારક પ. પૂ. આચાર્ય હેમવલ્લભસુરી મહારાજ સાહેબની દીર્ઘકાલીન તપશ્ચર્યા તથા સંયમ જીવનની વાતો સાંભળીને ગુણાનુંરાગી એવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને તેમના દર્શન વંદનની ઈચ્છા થતા તા. ૩૦.૫.૨૪ ના સવારે તેઓ શ્રી આચાર્ય ભગવાનના દર્શન વંદન કરી આશીર્વાદ લેવા પધાર્યા હતા. આચાર્ય મહારાજે તેઓશ્રીને મનુષ્ય ભવની દુર્લભતા જણાવીને મળેલી સત્તા અને શક્તિ દ્વારા વિશેષ સ્વરૂપે સમાજ કલ્યાણ અને આત્મા કલ્યાણ માટે પ્રબળ પુરુષાર્થ કરવા જણાવીને આશીર્વાદ આપ્યા હતા અને મુખ્યમંત્રીશ્રીને પણ આ દર્શન વંદન પામી ધન્ય બન્યા હોવાની અનુભૂતિ થયેલ છે.

આચાર્ય ભગવંતને હાલ ૨૮ થી પણ વધુ વર્ષથી આયંબિલ તપની આરાધના માં૯૮૦૦ ઉપરાંત આયંબિલ સાથે જીવનમાં કુલ ૧૦૮૦૦ થી વધુ આયંબિલ તથા લગભગ ૧૭૦૦ ઉપવાસની તપશ્ચર્યા થયેલ છે. તેઓશ્રીએ ગિરનારની ૩૫૭૦ થી વધુ વખત યાત્રા કરેલ છે. આયંબિલ તપમાં દિવસમાં એક જ વખત બાફેલા ધાન્ય તથા લુખી રોટલી, ભાત વાપરી શકાય છે. જેમાં ઘી, દૂધ, દહીં, છાશ, તેલ, મિષ્ટાન, ફરસાણ,મરચા, મસાલા, શાકભાજી, ફ્રુટ, ડ્રાયફ્રુટ, ઠંડા પીણા વગેરે દરેક વસ્તુનો ત્યાગ કરવાનો હોય છે.

# સરકારી બેંકો કરતાં ખાનગી તેમજ સહકારી બેંકોનો ક્રેઝ શા માટે વધ્યો છે?.

હાલના તબક્કે જેટલી પણ સરકારી બેંકો ચાલે છે, એ તમામનું વ્યવસ્થા તંત્ર તદ્દન ખાળે ગયેલું છે. સરકારી બેંકોનાં કર્મચારીઓ તથા અધિકારીઓ ગ્રાહકો સાથે મનસ્વી રીતે વર્તે છે અને ઉધ્ધત વર્તન કરે છે. બીજું સરકારી બેંકોનું એટલું જડ વલણ છે કે જે તે પ્રાંતની પ્રાદેશિક ભાષામાં સ્લિપ બુક, ચેક બુક તથા અન્ય પ્રકારના ફોર્મ્સ પ્રાદેશિક ભાષામાં છપાવાને બદલે અંગ્રેજી ભાષામાં જ છપાયેલાં હોય છે. આ કારણસર ગામડાની અબૂધ અને નિરક્ષર પ્રજાને ઘણી આબદા પડે છે, પરંતુ એમની મદદે કોઈ કર્મચારી આવતો નથી. સરકારી બેંકોનાં કર્મચારીઓ પોતાની જગ્યાએ મોડાં આવે છે, વાતોના તડાકા મારે છે, પાન ગુટખા ઉપરાંત અન્ય બાબતોમાં ધ્યાન આપે છે, પરંતુ સામે ઉભેલા ગ્રાહક સામે જોવાની તસ્દી પણ લેતાં નથી. જો ખાતેદાર કોઈ કારણસર મોડાં પડે તો સમય પૂરો થઈ ગયો એવું જણાવી ફરજમાંથી બેદરકારી દાખવે છે. ખાતેદારોની લાગણીઓની આવા સરકારી બેંકોના કર્મચારીઓને કોઈ કદર હોતી નથી. બીજું સરકારી બેંકોમાં અન્ય પ્રાંતમાંથી આવેલા કર્મચારીઓ પ્રાદેશિક ભાષા સમજતાં નથી તેથી ઘણી ગેરસમજો ઉભી થાય છે અને ક્યારેક લડાઈ ઝઘડામાં પરિવર્તિત થાય છે. ખાતેદારોને પૂરૂ માર્ગદર્શન કે સહકાર આપવા આપવામાં આવતો નથી. ખાતેદારોની જાણ બહાર ખાતું અચાનક બંધ કરી દેવું, ખાતેદારોને જાણ કર્યા વગર બારોબાર ટેક્સ કાપી લેવો. એવા તો કેટલાય કામો છે જેની જાણ ખાતેદારોને કરવામાં આવતી નથી. અધિકારીઓ પણ હાથ નીચેના કર્મચારીઓને કાંઈ કહી શકતાં નથી અને આવા કર્મચારીઓ યુનિયનના સથવારે કામના પ્રમાણમાં ઘણો બધો પગાર લેતાં હોય છે, પરંતુ ખાતેદારો પ્રત્યે દુર્લક્ષ સેવે છે.

જ્યારે બીજી તરફ પ્રાઈવેટ તથા સહકારી બેંકોનાં કર્મચારીઓ ખાતેદારો સાથે માનવીય અભિગમ રાખે છે, નમ્રતાથી વાતચીત કરે છે, ખાતેદારોને સંતોષ થાય એવું માર્ગદર્શન પૂરું પાડે છે. ખાતેદાર બેંકમાં પ્રવેશ કરે ત્યારે સ્માઈલ આપી એનું સ્વાગત કરે છે, બેસવા માટે ખુરશી આપે છે, ઠંડુ પાણી પીવડાવવામાં આવે છે. ખાતેદારને જે માહિતી કે માર્ગદર્શનની જરૂર હોય તે તાત્કાલિક પૂરી પાડે છે. ખાતેદારો/ગ્રાહકોની ફરિયાદોનું ઝડપથી નિરાકરણ કરવામાં આવે છે. પ્રાઈવેટ તથા સહકારી બેંકોના કર્મચારીઓ પોતાની જગ્યા ઉપરથી ઉઠીને ખાતેદારોના નાના મોટા કામ કરી આપે છે. ખાતેદારોની લોન બાકી હોય, કેવાયસી અપડેટ કરાવવાનું હોય, ટેક્સ અંગેનાં ફોર્મ્સ ભરવાનાં હોય તો તેઓ વ્યક્તિગત રસ લઈને ખાતેદારોનો સંપર્ક કરે છે. આ ઉપરાંત અખબારમાં જાહેરાત આપીને, પત્રિકાઓ વ્હેંચીને ખાતેદારોને જાગૃત કરે છે. સરકારી બેંકોનાં કર્મચારીઓ ખાતેદારોની/ગ્રાહકો પ્રત્યેની સેવામાં ઘણાં ઉણા ઉતરે છે, જ્યારે ખાનગી તથા સહકારી બેંકોનાં કર્મચારીઓ ખાતેદારો સાથે આત્મીયતા કેળવે છે અને મિત્ર ભાવે વર્તે છે તેથી પ્રજાનો ઝોક ધીમેધીમે પ્રાઈવેટ તથા સહકારી બેંકો તરફ વળવા લાગ્યો છે.

યોગેશભાઈ આર જોશી

### મેડિકલ સારવાર માટે ચુકવવા પાત્ર હેલ્થ વિમાનો કલેઈમ ના ચૂકવવાથી

# આદિત્ય બિરલા હેલ્થ ઈન્સ્યુરન્સ કંપનીને ગ્રાહક સુરક્ષા કોર્ટની ફટકાર

આદિત્ય બિરલા હેલ્થ ઈન્સ્યુરન્સ વીમા કંપનીએ સુરતના ગ્રાહક ધર્મેશભાઈ શાહ. તેમના પરિવાર માટે હેલ્થ વીમો ખરીદેલ હતો અને તેમનો ચુકવવા પાત્ર કોવિડ ૧૯ નો હેલ્થ વિમાના કલેમના રૂપિયા દેવામાંથી છટકી ગઈ હતી.ત્યાર બાદ ગ્રાહક સુરક્ષા ફોરમ સુરતમાં કેસ દાખલ કરાયેલો. જિલ્લાના જાણીતા અને ગ્રાહક સુરક્ષા કેસના સ્પેસિયાલિસ્ટ એડવોકેટ શ્રી બેલા ગીરનારા અને હસમુખ ગીરનારા દ્વારા આ કેસ રજૂ કરવામાં અને લડવામાં આવેલ અને નામદાર ગ્રાહક સુરક્ષા કોર્ટ દ્વારા ફરિયાદીને રૂ ૧,૦૬,૪૯૭/- વાર્ષિક ૯ ટકાના વ્યાજ સાથે તથા માનસિક ત્રાસ તેમજ લીગલ ખર્ચ પેટે કુલ રૂ.૫૦૦૦/- ચૂકવવાનો ગ્રાહક લક્ષી હુકમ કરેલ છે. વિમા કંપનીની મનમાની સામે ગ્રાહક સુરક્ષા કોર્ટ ન્યાહિક કામ કરે છે અને ગ્રાહકોનો ન્યાય તંત્ર પર ભરોસો જાળવી રાખે છે તેનું આ ઉત્તમ ઉદહરણ સમજી શકાય.

# અવસાન નોંધ,પ્રાર્થના સભા

**જય શ્રી કૃષ્ણ.**

**ગીરીનારાયણ બ્રાહ્મણ શ્રી પંકજકુમાર દિલીપરાય ઠાકર, ઉંમર વર્ષ ૬૨, મૂળ વતન જૂનાગઢ, હાલ રાજકોટ, નિવૃત્ત એલ.આઈ.સી. ડેવલોપમેન્ટ ઓફિસર, તે શ્રીમતી મૃણાલિની ઠાકરના પતિ, હિમિકા અને પલ્લવ ના પિતા, તારીખ ૩૧ મે, ૨૦૨૪ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમની પ્રાર્થના સભા તારીખ ૧ જૂન ૨૦૨૪ સાંજે ૫:૩૦ થી ૬:૩૦ તેમના નિવાસ્થાને "શ્રીજી", ૭ અર્ચના પાર્ક, યુનિવર્સીટી રોડ, રાજકોટ રાખેલ છે .**


# ચાણસ્માના લણવા ગામે આવેલી વૃદાવન હોટલમાં આગ લાગે ત્યારે કુવો ખોદવા જવા જેવી ફાયર શેફ્ટીની વ્યવસ્થા




જાહેર સ્થળો ઉપર જેવા કે શાળાઓ ટ્યુશન ક્લાસીસ સિનેમા હોલ મોટા કોમ્પ્લેક્ષોમાં ઘણીવાર આગની ઘટનાઓ બનતી હોય છે. અને જેમાં સેંકડો લોકોનો ભોગ લેવાતો હોય છે. જેમાં તંત્ર અને લોકો બંન્ને થોડા ઘણા અંશે જવાબદાર હોય છે. ઘટના બન્યા પછી તંત્રની આંખો ખૂલે છે. અને તેના પડઘાના રૂપ અન્યત્ર જાહેર સ્થળોએ ફાયરસેફ્ટીની ખામીઓ સહિત અકસ્માત થવાની સંભાવનાના પરીબળો શોધવા માટે તંત્ર નીકળી પડે છે. એવી જ પરીસ્થિતી અત્યારે રાજકોટની આગની ઘટના બન્યા પછી આખા રાજયના જાહેર સ્થળો શૈક્ષણિક સંસ્થાઓ હોટલો જ ફાયરસેફ્ટી ના સાધનો સહિતની ચકાસણી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. ત્યારે ચાણસ્માના લણવા પાસે આવેલી વૃંદાવન હોટલમાં માં ફાયર શેફ્ટીના સાધનો પૈકી ૨૦૧૯ની બોટલો મળી આવી હતી જ્યારે બોટલો ઉપર ધૂળ ચઢી ગઈ હતી ૩ માળની આ વૃંદાવન હોટલના ઉપલા માળે આગ લાગે તો તેને બુઝાવવા માટેની ફાયર બ્રિગેડ દ્વારા ટેન્કર મારફતે લવાતા પાણીને નીચેથી ઉપર સુધી લઈ જવા માટે ની અલાયદી પાઈપલાઈનની કોઈ જ વ્યવસ્થા જોવા મળી ન હતી

જ્યારે આજે જ આજુજ આગ્ની સામક ની બોટલો બદલાવવા માટે પાટણ મોકલવામાં આવશે તેમ હોટલના સત્તાવાળાઓએ જણાવ્યું હતું

# ચામડીના રોગોના કેસોમાં વધારોઃગરમીને પગલે ચામડીને લગતી બિમારીના કેસોમાં ૨૦ ટકાનો વધારો




છેલ્લા એકાદ માસથી આકરી ગરમી પડી રહી છે. તેને પગલે ચામડીના રોગોના કેસોમાં ૨૦ટકાનો ઉછાળો આવ્યો છે. તેમાં ગુમડા, ખસ, ખરજવું, સન બર્ન, ફંગલ ઈન્ફેક્શન સહિતની બીમારીઓના કેસો સામે આવી રહ્યા છે. જેને પરિણામે પ્રતિ દિન ઓપીડી દરરોજની ૩૫૦થી ૪૦૦ નોંધાઇ રહી છે. જોકે ચામડીને લગતી બિમારીના કેસો આગામી બે માસ સુધી ચાલુ રહેશે.ચાલુ વર્ષે નગરવાસીઓને ભીષણ ગરમીનો અનુભવ થઇ ગયો છે. તેની સાથે સાથે ચામડીના રોગોમાં વધારો થઇ રહ્યો છે. જોકે સામાન્ય દિવસોમાં જોવા મળતી ચામડીને લગતી બીમારીઓની સાથે સાથે ઉનાળ?માં પરેસવો થવાથી તેમજ વધુ પડતી ગરમી પડવાથી થતી બિમારીઓના કેસ પણ સામે આવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સ્કિન વિભાગના તબિબોના જણાવ્યા મુજબ હાલમાં ગરમીને લગતી ખસ, ખરજવું , ગુમડા, સન બર્ન, ફંગલ ઈન્ફેક્શનના કેસોમાં વીસ ટકાનો ઉછાળો આવ્યો છે. તેમાં બાળકોનું પ્રમાણ વધારે રહેતું હોય છે. જ્યારે યુવક અને યુવતીઓમાં હાલમાં ખીલની બીમારીના કેસ વધારે આવે છે. જોકે સામાન્ય દિવસોમાં પણ ખીલની બીમારીના કેસ આવે છે. પરંતુ ગરમીના કારણે તેમાં ૧૦ ટકાનો વધારો થતો હોય છે.

## ભીષણ ગરમીમાં આટલી કાળજી રાખવી જોઈએ

**આકાશમાંથી થઇ રહેલી અગનવર્ષાને પગલે ચામડીના રોગોનું પ્રમાણ વધી જવા પામ્યું છે. ત્યારે સ્કિન વિભાગના તબીબોએ કેવા પ્રકારની કાળજી રાખવી તેની જાણકારી આપી છે.**

**કામ સિવાય તડકામાં બહાર જવું નહી.**

**તડકામાં બહાર જવાનું થાય તો ખુલ્લા અને સુતરાઉ કપડાં પહેરવા જોઇએ.**

**જાડા અને સ્કિન ટાઇટ કપડાં પહેરવા જોઇએ નહી.**

**પાણી વધારે પીવું જોઇએ.**

**દિવસમાં બે ટાઇમ સ્નાન કરવું જોઇએ.**

**પાવડર છાંટવો નહી.**

**ગરમી વધતા કઇ કઇ બીમારીઓના કેસ આવ્યા**

**છેલ્લા એક માસથી પડી રહેલી આકરી ગરમીને પગલે અળાઇ, બેક્ટેરીયલ ઇન્ફેક્શન, પરસેવાથી થતાં ચામડીના રોગોમાં દાદર, ખરજવું, ખસ, ખીલ, સન બર્ન, ઓટો ઇમ્યુન રોગો (એસએલઇ)ના કેસ વધી ગયા છે. જોકે આ બીમારીઓનું પ્રમાણ બાળકો અને સિનિયર સિટીઝનમાં વધારે રહેતું હોવાનું સિવિલ હોસ્પિટલના સ્કિન વિભાગના તબીબોએ જણાવ્યું છે.**

### મધ્યપ્રદેશની બડવાહ સરકારી કોલેજદ્વારા

# ભારતીય જ્ઞાન પરંપરા અને આહારશાસ્ત્ર વિષય પર રાષ્ટ્રીય વેબિનારનું સફળ આયોજન



મધ્યપ્રદેશની સરકારી કોલેજ બડવાહ ખાતે રાષ્ટ્રીય વેબિનારનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, જવાહરલાલ નેહરુ સરકારી કોલેજ, બડવાહ ખાતે ભારતીય જ્ઞાન પરંપરામાં આહાર અને પોષણ વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, આ વેબિનાર મધ્યપ્રદેશ ઉચ્ચ શિક્ષણ વિભાગ, ભોપાલ દ્વારા પ્રાયોજિત હતો જેમાં રાજ્ય બહારથી બે નિષ્ણાતોને આમંત્રિત કરવામાં આવ્યા હતા, જેમાં પ્રથમ નિષ્ણાત ગુજરાત અમદાવાદની પ્રતિષ્ઠિત શ્રી એચ કે કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ સંસ્કૃત ભારતી અને શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના કાર્યકર્તા ડૉ. આશિષ જનકરાય દવેએ પોતાના વક્તવ્યમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાના ત્રીજા, છઠ્ઠા અને સત્તરમા અધ્યાયનો ઉલ્લેખ કરી કુટુંબ પ્રબોધન પર વિશેષ ભાર મુકી દિવસનો એક સમયનો આહાર સમગ્ર પરિવારે સાથે લેવો તેમજ પ્રત્યેક પરિવાર જે કોઈ પણ ધાર્મિક માન્યતા ધરાવતા હોય તેના ભોજન મંત્ર સાથે કરવો જોઈએ જેનાથી ખોરાક પ્રસાદ બની જાય છે અને અખંડ પરિવાર બની રહે છે સાથે ચરક વિમાંસ્તા અનુસાર રસ, દોષ અને પંચતત્વ ના સમન્વય પર વાત કરેલ. દ્વિતીય વિષય નિષ્ણાત ઉત્તર પ્રદેશ બનારસ હિંદુ યુનિવર્સિટી વારાણસી આરોગ્ય, વ્રત અને યોગ મેડિકલ સાયન્સ વિભાગના પ્રોફેસર અને પૂર્વ અધ્યક્ષ ડૉ. નીરુ નાથાણી ને વિરૂદ્ધ આહાર, આહાર પદ્ધતિ અને રસ વિશે સુંદર માર્ગદર્શન પૂરું પાડેલ અને પ્રતિભાગીઓની જીજ્ઞાશા સમાધાન કરેલ હતુ.

રાષ્ટ્રીય વેબિનારના ઉદઘાટનમાં ડો. સુનિલ કુમાર શર્માએ વિષય નિષ્ણાતોનો ટૂંકો પરિચય આપ્યો હતો, કોલેજના પ્રિન્સિપાલ ડો. મંગલા ઠાકુરે કોલેજનો ટૂંકો પરિચય અને સ્વાગત પ્રવચન આપ્યું હતું. ત્યાર બાદ રાષ્ટ્રીય વેબિનારનુંસંચાલન ડો. નીતુ પરસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. એક દિવસીય રાષ્ટ્રીય વેબિનારના સંયોજક પ્રોફેસર નીરજ ચૌધરીએ જણાવ્યું હતું કે આ વેબિનારમાં લગભગ ૨૦૦ સહભાગીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું છે અને ૨૦ થી વધુ સંશોધન પત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે જૈંજીમ્દ્ધ નંબર સાથે સંશોધન જર્નલમાં પ્રકાશિત કરવામાં આવશે. રાષ્ટ્રીય વેબિનારના સહ-કન્વીનર પ્રોફેસર સત્ય પ્રકાશ જાધમે કાર્યક્રમના અંતે તમામસહભાગીઓઅનેમહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.